# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-05-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રીએ આજે રાજ્યના 18 સહિત દેશના 103 પુનઃવિકસિત કરાયેલા અમૃત ભારત રેલવેમથકનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું.
2. દેશની એક લાખ 44 હજાર ગ્રામ પંચાયતમાંથી સુરતની પલસાણા ગ્રામ પંચાયતની રાષ્ટ્રીય ઈ-ગવર્નન્સ પુરસ્કાર માટે પસંદગી.
3. રાજ્ય સરકારે 'વિકસિત ભારત 2047' માટે ઔદ્યોગિક નીતિઓમાં સુધારાની ઉદ્દેશ સાથે કાર્યદળ સમિતિઓની રચના કરી
4. આગામી 7 દિવસ વરસાદની આગાહીને પગલે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના
5. IPLમાં આજે અમદાવાદમાં ગુજરાત ટાઈટન્સ અને લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચે મુકાબલો

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# AMRUT BHARAT STATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજ્યના 18 સહિત દેશભરમાં 103 પુનઃવિકસિત કરાયેલા અમૃત ભારત રેલવેમથકનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું. રાજસ્થાનના બિકાનેરથી આ ઉદ્ઘાટન કર્યા બાદ શ્રી મોદીએ જનસભાને સંબોધી હતી. તેમણે કહ્યું, સરકાર દેશમાં એક હજાર 300 રેલવે મથકને અમૃત ભારત મથક તરીકે પુનઃવિકસિત કરવા માટે કામ કરી રહી છે.

(BYTE- PM MODI ON AMRUT STATION)

'ઑપરેશન સિંદૂર'નો ઉલ્લેખ કરતાં શ્રી મોદીએ કહ્યું, ભારતે આતંકવાદીઓના ઠેકાણાઓને નેસ્તનાબૂદ કરી પાકિસ્તાનને કડક જવાબ આપ્યો છે. તેમણે કહ્યું, સરકારે સશસ્ત્ર દળોને કાર્યવાહી કરવાની સંપૂર્ણ છૂટ આપી હતી.

(BYTE-  PM MODI ON OPERATION SINDOOR)

દરમિયાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રત આજે કરમસદ રેલવેમથક ખાતે અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુરેન્દ્રનગરના લિંબડી રેલવેમથક ખાતે અમૃત ભારત રેલવે મથકના ઉદ્ઘાટન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા. દરમિયાન શ્રી દેવવ્રતે ભારતમાં રેલવે માળખાનો એક નવો યુગ શરૂ થયો હોવાનું જણાવ્યું હતું. તો શ્રી પટેલે રેલવેને કાયાકલ્પ, મથકોના આધુનિકીકરણ અને યાત્રીઓની સુવિધાના નવતર આયામ, આગવા લક્ષ્યાંક અને રાષ્ટ્રનિર્માણ માટેના સંકલ્પ સાથે શ્રી મોદીએ શરૂ કર્યા હોવાનું જણાવ્યું.

(BYTE- CM BHUPENDRA PATEL)

----------------

# Amrit Bharat Railway Station - District

રાજ્યના 18 અમૃત ભારત રેલવે મથક ખાતે વિવિધ અગ્રણીઓની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન સમારોહ યોજાયો.

આણંદના કરમસદ રેલવેમથકનો અંદાજે સાત કરોડ રૂપિયાના ખર્ચે પુનર્વિકાસ કરાયો છે. સરદાર વલ્લભભાઈ પટેલના જીવનની ઝાંખી પ્રદર્શિત કરવામાં આવી.

ખેડાના ડાકોર રેલવે મથકનું ભક્ત બોડાણાની વિષયવસ્તુ પર પાંચ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નવનિર્માણ કરાયું છે. નવા ડાકોર રેલવે મથકમાં ડબલ લાઈન બનાવવામાં આવી છે. તેમજ મુસાફરો માટે ત્રણ અલગ પ્રતીક્ષાકક્ષ પણ બનાવાયા.

જામનગરનાં સાંસદ પૂનમબેન માડમ જામનગરના હાપા રેલવે મથક, કેન્દ્રીય રાજ્યમંત્રી નીમુબેન બાંભણિયા ભાવનગરના સિહોર રેલવે મથક, સાંસદ ભરત સુતરિયા અમરેલીના રાજુલાના બર્બટાણા જંકશનના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં. દરમિયાન હાપા રેલવેમથકે મુસાફર બિંદિયા પુંજાણીએ પોતાનો પ્રતિભાવ આપ્યો હતો.

(બાઈટ : બિંદિયાબેન પુંજાણી ( મુસાફર )

----------------

## PALSANA E GOVERNANCE AWARD

સુરતની પલસાણા ગ્રામ પંચાયતની રાષ્ટ્રીય ઈ-ગવર્નન્સ પુરસ્કાર માટે પસંદગી થઈ છે. ઈ-ગવર્નન્સ ક્ષેત્રે ઉત્તમ કામગીરી બદલ દેશની એક લાખ 44 હજાર ગ્રામ પંચાયતમાંથી પલસાણા ગ્રામ પંચાયતને ‘ગ્રાસરૂટ લેવલ ઇનિશિએટિવ્સ ફોર ડિપનિંગ-વાયડનિંગ ઑફ સર્વિસ ડિલિવરી’ માટે આ પુરસ્કાર અપાશે. વિશાખાપટ્ટનમ ખાતે યોજાનારી

‘28મી રાષ્ટ્રીય ઈ-ગવર્નન્સ પરિસદમાં’ ગ્રામ પંચાયતને આ પુરસ્કાર એનાયત કરાશે.

પલસાણા પંચાયતે લોકસેવા પહોંચાડવાની પદ્ધતિમાં ડિજિટલ રૂપાંતર લાવીને પારદર્શકતા, ઝડપ અને કાર્યક્ષમતા વધારવાનું કાર્ય કર્યું છે. ઈ-ગવર્નન્સ થકી સ્થાનિક નાગરિકોને સુગમ અને અસરકારક સેવાઓ સુલભ બનાવી આ ગામ ઉદાહરણરૂપ બન્યું છે. ગ્રામ પંચાયત કક્ષાએ V.C.E. અને તલાટી દ્વારા વર્ષ 2024-25 દરમિયાન અંદાજે 17 હજાર 484 જેટલી ઑનલાઈન સેવાઓ ગ્રામજનોને પૂરી પાડવામાં આવી હોવાનું પણ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

----------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

## GUJARAT TASK FORCE

રાજ્ય સરકારે 'વિકસિત ભારત 2047' માટે ઔદ્યોગિક નીતિઓમાં સુધારાની ઉદ્દેશ સાથે કાર્યદળ સમિતિઓની રચના કરી છે. 12 ક્ષેત્ર માટેની વિશિષ્ટ કાર્યદળ સમિતિઓ નીતિઓના આધુનિકીકરણ માટે કામ કરશે. સરકારે અત્યાધુનિક ઔદ્યોગિક વ્યવસ્થાઓનું નિર્માણ કરવા ઉદ્યોગ અને વિશ્વ-વિદ્યાલયોની મદદ લીધી છે.

સત્તાવાર યાદી મુજબ, આ પહેલનો ઉદ્દેશ આંકડા આધારિત, અત્યાધુનિક નીતિ માળખું સ્થાપિત કરવાનો છે, જે રોકાણને અનુકૂળ હોય, નવીનતાને પ્રોત્સાહન આપે અને લાંબા ગાળાના સામાજિક અને આર્થિક વિકાસને વેગ આપે. આ લક્ષ્યને સાકાર કરવા સરકારે રચેલી 12 સમિતિઓ વર્તમાન નીતિઓની સમીક્ષા કરશે, વૈશ્વિક ધોરણો સાથે સરખાવીને તેમાં સુધારો કરવાનો પ્રયત્ન કરશે અને ઊભરતા આર્થિક અને તકનીકી વલણોને સંબોધવા માટે વ્યૂહરચનાઓ તૈયાર કરશે.

----------------

## WEATHER

રાજ્યમાં આગામી સાત દિવસ વિવિધ વિસ્તારમાં હળવા અને હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. દરમિયાન માછીમારોને દરિયાની આસપાસ ન જવા સૂચના આપવામાં આવી છે. હવામાન વિભાગે આવતીકાલથી રાજ્યમાં મહત્તમ તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસના ઘટાડાની શક્યતા પણ વ્યક્ત કરી છે. આ અંગે હવામાન ખાતાના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ માહિતી આપી.

(બાઇટ પ્રદીપ શર્મા, હવામાન વિભાગના વૈજ્ઞાનિક)

દરમિયાન દેવભૂમિદ્વારકાના દરિયામાં તોફાનના પગલે સાવચેતીના ભાગરૂપે તટરક્ષક દ્વારા દરિયામાં રહેલા માછીમારોને સાવચેત કરાયા છે.

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના રોકલી, ઠોલ, ખાખરા સહિતના ગામોમાં વાવાઝોડાના કારણે વૃક્ષો અને મકાનોને નુકસાન થયું છે. હાલમાં મળતા અહેવાલ મુજબ સુરેન્દ્રનગર જિલ્લામાં પણ અત્યારે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે.

----------------

## World bio diversity day

'પ્રકૃતિ અને ટકાઉ વિકાસ સાથે સુમેળ'ની વિષયવસ્તુ સાથે આજે 'આંતરરાષ્ટ્રીયજૈવવિવિધતા દિવસ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. તાજેતરમાં કચ્છનાગુનેરી ગામના 32 હેક્ટરથી વધુ વિસ્તારને રાજ્યની પ્રથમ 'બાયોડાયવર્સિટી હેરિટેજ સાઈટ' જાહેર કરવામાં આવી હતી.

આ જગ્યા અંગે આવનારી પેઢી માહિતગાર થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા આ પગલું લેવાયું છે, તેમ ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડના અધ્યક્ષ રવિન્દ્રનાથ સુગુરે જણાવ્યું.

(બાઈટ.. આર.કે.સુગુર)

----------------

## Tiranga Yatra - DISTRICT

ઓપરેશન સિંદૂરની સફળતા અને ભારતીય સેનાના શૌર્યને બિરદાવવા સુરેન્દ્રનગર શહેરમાં ત્રિરંગા યાત્રા યોજાઇ. ચોટીલા ચામુંડા  માતાજીના મંદિરથી સમગ્ર ચોટીલા શહેરમાં યોજાયેલી યાત્રામાં ચોટીલાના ધારાસભ્ય શામજી ચૌહાણ અને મોટી સંખ્યામાં લોકો જોડાયા.

બીજી તરફ અરવલ્લી જિલ્લામાં પણ ત્રિરંગા યાત્રા યોજાઇ. હાથમતી નદીના બ્રીજ પાસેથી  શરૂ થયેલી આ યાત્રા મઉ ચાર રસ્તા પાસે શહીદવીર ચોકમાં પુર્ણ થઇ હતી.

----------------

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 25 મે-એ આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ માસિક રેડિઓ કાર્યક્રમની 122-મી કડી હશે.

લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800,  નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અથવા માય G.O.V. ઑપન ફૉરમના માધ્યમથી પણ મોકલી શકે છે. આવતીકાલ સુધી મંતવ્યો અને વિચાર સ્વીકારવામાં આવશે.

----------------

# IPL

ઇન્ડિયન પ્રીમિયર લીગ IPL ટી-20 ક્રિકેટમાં આજે ગુજરાત ટાઈટન્સ અને લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચે મેચ રમાશે. અમદાવાદના

નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાનારી મૅચમાં ગુજરાતની ટીમ શુબમન ગિલ અને લખનઉની ટીમ રિષભ પંતના સુકાની હેઠળ રમશે.

આજની મૅચમાં ગુજરાત ટાઈટન્સે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે.

---------------

## BANASKANTHA GOLD MEDAL

બનાસકાંઠાનાં 17 વર્ષનાં તીરંદાજીનાં ખેલાડી મૈત્રી પઢિયારે આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં સુવર્ણ અને રજત ચંદ્રક જીત્યાં છે. અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે, ઉઝ્બેકિસ્તાનના તાસ્કન્ત શહેરમાં યોજાયેલ સ્પર્ધામાં મૈત્રી પઢિયારે અલ્પોમિશ અને બાર્ચિનોય આંતરરાષ્ટ્રીય તીરંદાજી સ્પર્ધામાં આ સિદ્ધિ હાંસલ કરી છે.

ચંદ્રક વિજેતાં ખેલાડી બનાસકાંઠાના વડગામ તાલુકાના ધોતા ગામનાં વતની છે. ધોરણ 12માં ભણતાં મૈત્રી પઢિયારે નડિયાદ રમતગમત સંકુલ ખાતે તીરંદાજી અકાદમીમાં તાલીમ લીધી છે. સૌથી યુવા વયે ચંદ્રક જીતનારાં તેઓ પ્રથમ ગુજરાતી બન્યાં છે.

---------------

## DIU – BEACH GAMES

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં યોજાયેલી ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સમાં આજે બીચ સોકર સ્પર્ધા યોજાઇ. આજની રમતમાં મહિલાઓની ગ્રુપ બીમાં મધ્યપ્રદેશની ટીમ આંધ્રપ્રદેશને 6-1 થી હરાવી સેમીફાઇનલમાં પહોંચી છે. હવે તે ગ્રુપ-એ નાં વિજેતા ગુજરાત સામે ટકરાશે.

જ્યારે પુરુષોનાં ગ્રુપ-બીમાં મહારાષ્ટ્રની ટીમ ગુજરાતને 6-5 થી હરાવી સેમીફાઇનલમાં પહોંચી છે. હવે તેનો મુકાબલો ગ્રુપ-એની વિજેતા ટીમ કેરળ સામે થશે. તમામ સેમિફાઇનલ મેચ શુક્રવારે સવારે અને ફાઇનલ મેચ સાંજે યોજાશે.

અન્ય રમતોમાં મહારાષ્ટ્રનાં દીક્ષા યાદવ 10 અને પાંચ કિલોમીટર સ્વિમિંગ સ્પર્ધામાં પ્રથમ સ્થાને રહ્યાં. જ્યારે કર્ણાટકના ધ્રુપદ રામકૃષ્ણએ પુરુષોની 5 કિલોમીટર ઓપન સી સ્વિમિંગમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

----------------